પત્રક્રમાંક-મઉમશબ/ક/ક-૧/૫૫૭૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર – 10/બી, જુના સચિવાલય પાસે.
ગાંધીનગર. તા.૧૫/૦૯/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય. (તમામ)

વિષય :- તૃતિય એકમ કસોટીના આયોજન અંગે.
સંદર્ભ :- 1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :-બમશ/1120/142/છ તા.12/02/2020.
2.અત્રેની કચેરીના મઉમશબ/SSC/2020/67-104 તા.01/07/2020 પત્ર અન્વયે.
3.અત્રેની કચેરીના મઉમશબ/SSC/2020/877 તા.06/07/2020 પત્ર અન્વયે.
4. અત્રેની કચેરીના મઉમશબ/SSC/2020/4438 તા.24/07/2020 પત્ર અન્વયે.
5.અત્રેની કચેરીના મઉમશબ/HSC/2020/289 તા.28/07/2020 પત્ર અન્વયે.
6.અત્રેની કચેરીના મઉમશબ/SSC/2020/4457 તા.13/08/2020 પત્ર અન્વયે.

જયભારત સાથે ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે COVID-19 ની મહામારી દરમિયાન શાળાઓ બંધ હોવાની સ્થિતિમાં પણ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી શકે અને અભ્યાસમાં સાતત્ય જળવાઇ રહે તે માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા હોમ લર્નિંગના વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જે માટે ધોરણ-09 થી ધોરણ-12ના વિદ્યાર્થીઓ માટે દર માસના અંત ભાગમાં એકમ કસોટીનું આયોજન કરવામાં આવે છે. સપ્ટેમ્બર-2020 માં યોજાનાર ધોરણ-11 અને ધોરણ-૧૨ ની તૃતિય એકમ કસોટી માટે નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

**<u>સૂચનાઓ:-</u>**

- ધોરણ- 11 અને 12ની એકમ કસોટી તા. 26 થી 29 સપ્ટેમ્બર દરમ્યાન યોજવામાં આવનાર છે.
- તૃતીય એકમ કસોટીમાં ધોરણ-11 અને 12 વિજ્ઞાન પ્રવાહ માટે 052-રસાયણ વિજ્ઞાન અને 054-ભૌતિક વિજ્ઞાન વિષયોનો સમાવેશ કરેલ છે. દરેક વિષયનું પ્રશ્નપત્ર 25 ગુણનું રહેશે અને તેનો સમયગાળો મહત્તમ એક કલાકનો રહેશે.
- તૃતિય એકમ કસોટીમાં ધોરણ-11 અને 12 સામાન્ય પ્રવાહ માટે 046-વાણિજ્ય વ્યવસ્થા, 135-આંકડા શાસ્ત્ર, 013-અંગ્રેજી (S.L.) અને 006-અંગ્રેજી (F.L.) વિષયોનો સમાવેશ કરેલ છે. દરેક વિષયનું પ્રશ્નપત્ર 25 ગુણનું રહેશે અને તેનો સમયગાળો મહત્તમ એક કલાકનો રહેશે.
- તા:- 26/09/2020 સવારે 11:00 કલાક સુધીમાં વિદ્યાર્થીઓ સુધી એકમ કસોટીના પ્રશ્નપત્રો પહોંચતાં કરવાનાં રહેશે.
- તૃતીય એકમ કસોટીનો અભ્યાસક્રમ અને વિષયોની વિગત આ સાથેના બિડાણમાં દર્શાવેલ છે.
- ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠયપુસ્તકના આધારે જ એકમ કસોટીનું આયોજન કરવામાં આવશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અત્રેની કચેરીના એકમ કસોટી **E-mail** એડ્રેસ પરથી એકમ કસોટીના પ્રશ્નપત્રો તા:- **23/09/2020**ના રોજ આધિકારિક અને ગોપનીય **E-mail** એડ્રેસ પર પહોંચાડવામાં આવશે. જે પાસવર્ડ પ્રોટેક્ટેડ હોઇ તે સાથે પાસવર્ડ પણ મોકલી આપવામાં આવશે.

Scanned with CamScanner

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જિલ્લાના તમામ **SVS/QDS** કન્વીનરના આધિકારિક અને ગોપનીય ઇ-મેઇલ એડ્રેસ પર તા:- **24/09/2020** ના રોજ એકમ કસોટીના પ્રશ્નપત્રો મોકલવાના રહેશે.
- SVS/QDS કન્વીનરે તા:- **24/09/2020** ના રોજ પોતાના સંકુલની તમામ ખાનગી/ ગ્રાન્ટેડ/ સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને તેઓના આધિકારિક અને ગોપનીય ઇ-મેઇલ એડ્રેસ પર એકમ કસોટીના પ્રશ્નપત્રો મોકલવાના રહેશે.
- આચાર્યશ્રીએ મોડામાં મોડું તારીખ 26/09/2020 ના રોજ સવારે 11:00 કલાક સુધીમાં તમામ વિદ્યાર્થીના ઘરે સોફ્ટ કોપી અથવા હાર્ડ કોપીમાં સંબંધિત પ્રશ્નપત્રો પહોંચાડવાના રહેશે.
- ઉપરોક્ત સાંકળમાં..... **GSHSEB → DEO → SVS/QDC** કન્વીનર → આચાર્ય એમ દરેક તબક્કાના મેળવેલ **E-mail Address** નો ઉપયોગ તમામ એકમ કસોટી માટે કરવાનો રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તા:-23/09/2020 ના રોજ અત્રેથી અધિકારીક ઇમેલ એડ્રેસ પર મોકલેલ એકમ કસોટીના પ્રશ્નપત્ર તા:- 25/09/2020 રોજ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર પણ મુકવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓ/વાલીઓ સરળતાથી પ્રશ્નપત્રો મેળવી શકે.
- વિદ્યાર્થીઓ તૃતિય એકમ કસોટીના વિષયોના ઉત્તરો તા.05/10/2020 સુધીમાં પોતાની અનુકુળતાએ અલગથી બનાવેલ નોટબુકમાં, સ્વયં શિસ્તપૂર્વક, વાલીની દેખરેખ હેઠળ ઘરેથી જ લખે તે અંગે આચાર્યશ્રીએ જરૂરી સૂચનાઓ આપવાની રહેશે.
- વિદ્યાર્થીએ નોટબુકમાં લખેલ ઉત્તરો સોફ્ટ કોપી અથવા હાર્ડ કોપીમાં તા.05/10/2020 સુધીમાં શાળાના આચાર્યશ્રીને પહોંચાડવાના રહેશે. જે વાલી/વિદ્યાર્થી શાળાએ આવી શકે તેમ ન હોય તેમણે સોફ્ટ કોપીમાં મોકલવાની સૂચના આપવી.
- **COVID-19**ની પરિસ્થિતિને લક્ષમાં લેતાં કસોટી આયોજન, નોટબુક સ્વીકાર અને મૂલ્યાંકન તથા અન્ય માર્ગદર્શન માટે અત્રેની કચેરીના તા:-13/08/2020ના પત્રમાં આપેલ સૂચનાઓને ધ્યાને લઇ આયોજન કરવાનું રહેશે.

(ડૉ. અવનીબા મોરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

જા.નં./મા-૨/૨૦૨૦/તૃ.એ.ક/૪૪૨૧ તા. ૨૬/૦૯/૨૦૨૦.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
રા- જાણ તથા અમલ થવા સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લા. સુરત

Scanned with CamScanner

# ધોરણ-૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહ

## તૃતીય એકમ કસોટી નો અભ્યાસક્રમ

| ધોરણ | વિષય | પ્રકરણ | પ્રકરણનું નામ |
|---|---|---|---|
| ૧૧ | ૦૫૨-રસાયણ વિજ્ઞાન | ૩ | તત્વનુ વર્ગીકરણ અને આવર્તતિતા |
| | | ૪ | રાસાયણિક બંધન અને આણ્વીય રચના |
| ૧૧ | ૦૫૪- ભૌતિક વિજ્ઞાન | ૩ | સુરેખ પથ અને ગતિ |
| | | ૪ | સમતલમાં ગતિ |
| | | ૫ | ગતિના નિયમો |
| ૧૨ | ૦૫૨-રસાયણ વિજ્ઞાન | ૩ | વિદ્યુત રસાયણ |
| | | ૬ | ધાતુ કર્મવિધિ |
| | | ૪ | રાસાયણિક ગતિકી |
| ૧૨ | ૦૫૪- ભૌતિક વિજ્ઞાન | ૩ | પ્રવાહ વિદ્યુત |
| | | ૪ | ગતિમાન વિદ્યુતભારો અને ચુબંકત્વ |

Scanned with CamScanner

# ધોરણ-૧૧/૧૨ સામાન્ય પ્રવાહ

## તૃતીય એકમ કસોટી નો અભ્યાસક્રમ

| ધોરણ | વિષય | પ્રકરણ | પ્રકરણનું નામ |
|---|---|---|---|
| ૧૧ | ૦૪૬-વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન | પ્રકરણ-3 | ધંધાકીય સેવાઓ - 2 |
| | | પ્રકરણ-૪ | માહિતી સંચાર, ઈ-કોમર્સ અને આઉટસોર્સિંગ |
| | | પ્રકરણ-૫ | ધંધાકીય વ્યવસ્થાના સ્વરૂપો-1 |
| ૧૧ | ૧૩૫-આંકડાશાસ્ત્ર | પ્રકરણ-૧ | માહિતીનું એકત્રિકીકરણ |
| | | પ્રકરણ-૨ | માહિતીનું નિરૂપણ |
| | | પ્રકરણ-3 | મધ્યવર્તી સ્થિતિના માપ |
| ૧૧ | ૦૦૬-અંગ્રેજી (F.L.) | Ch-4 | Landscape Of The Soul |
| | | Sup. Reader - 2 | The Address |
| | | Poem | The Laburnum Top |
| ૧૧ | ૦૧૩-અંગ્રેજી (S.L.) | Unit-3 | Read - 1 : Females For Forestry<br>Read - 2 : Woodman, Spare That Tree (Poem) |
| | | Sup. Reader | 2 : Penguin, my Friend<br>3 : My Greatest Olympic Prize |
| ૧૨ | ૦૪૬-વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન | પ્રકરણ-3 | આયોજન |
| | | પ્રકરણ-૪ | વ્યવસ્થાતંત્ર |
| | | પ્રકરણ-૫ | કર્મચારી વ્યવસ્થા |
| ૧૨ | ૧૩૫-આંકડાશાસ્ત્ર | પ્રકરણ-૧ | સુચક આંક |
| | | પ્રકરણ-૨ | સુરેખ સહસંબંધ |
| | | પ્રકરણ-3 | સુરેખ નિયતસંબંધ |
| ૧૨ | ૦૦૬-અંગ્રેજી (F.L.) | Ch-3 | Deep Water |
| | | Sup. Reader - 2 | The Tiger King |
| | | Sup. Reader - 3 | Journey To The End of The Earth |
| ૧૨ | ૦૧૩-અંગ્રેજી (S.L.) | Unit-3 | Read - 2, Stress Control Exercises |
| | | Unit-4 | Read - 1, The Adjustment<br>Read - 2, Blind, Deaf Fish (Poem) |

Scanned with CamScanner